ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*તૂટી પડ્યા આતંકીઓ પર સાફ કરી નાખ્યા,*
*ફાંસે લઈ લીધો બદલો ને સાફ કરી નાખ્યા,*
*માફ કરી નાખ્યા આપણે ભેટ સોગાદો દઈ -*
*'જડબાતોડ' નિવેદને જ સાફ કરી નાખ્યા...*
*(તફાવત)*

હાઈકુ

*પૂરાતા નથી*
*લાખોના ખર્ચા પછી -*
*પેટના ખાડા...*
*(ફૂટપાથનાં ગાબડાં)*

*ઈરાદો બૂરો*
*સ્વાયત સંસ્થાઓને*
*લેવી છે ભીંસ...*
*(બહુમત મનસૂબો)*

## ચિંતન

**સરવર તરવર સંત જન ઔર ચોથા બરસે મેહ I પરમારથ કે કારને, ચારોં ધારી દેહ II**

કબીરજીની આ જાણીતી સાખી આપણને સંસ્કૃત સુભાષઈતનું સ્મરણ કરાવે છે. નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનું પ્રથમ લક્ષણ - 'જે પીર પરાઈ જાણે રે' એમ દર્શાવ્યું છે. પરોપકારથી જ આપણું જીવન ધન્ય બને છે. પરદુઃખ નિવારવામાં સદાય તત્પર એવા ચાર ઉદાહરણ કબીરજી આપે છે.

સરવરમાં પાણીનો સંગ્રહ થાય છે. વર્ષાઋતુ બાદ શિયાળા અને ઉનાળામાં આ જળ માણસો, પશુઓ અને પંખીઓનું જીવન ટકાવી રાખે છે. તરવર-વૃક્ષનાં પાંચ અંગો મૂળ, થડ, પાન, ફૂલ અને ફળ અનેક ઉપયોગમાં આવે છે.

ધોમધખતા તાપમાં શીતળ છાંય આપે છે. વરસાદ વરસે છે તેથી ધરા તૃપ્ત થઈ લીલીછમ્મ થાય છે, ખેતી દ્વારા કણનું મણ અનાજ પાકે છે. સૌ જીવો માટે પોષણનું માધ્યમ બને છે.

આ જ રીતે સંત સંસારી જેમ સ્વાર્થમાં રચ્યા પચ્યા નથી રહેતા પણ પરોપકાર અર્થે જ તેમની દરેક પ્રવૃત્તિ હોય છે. જનસેવા એ જ ઈશ્વર સેવા જેવો મુદ્રાલેખ આ સાખીમાં સમાયેલા છે. સંતજનની સાચી ઓળખ પરમાર્થની ભાવના જ છે. અન્યના સુખે સુખી, દુઃખેદુઃખી થાય તે સંત.

## સુવિચાર

- ખોટી રકઝક ન કર, જીંદગી પર શક ન કર,
  એ ફરી મળશે નહીં, તું જતી આ તક ન કર - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- બીજાને જાણે તે શિક્ષિત છે, પણ પોતાને જે ઓળખે તે બુદ્ધિમાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધોને પોંખવાના હોય પીંખવાના ન હોય - **એસ.એમ.એસ.**
- ખોટા સમયે બોલવું એ મૂરખનું લક્ષણ છે
  અને ખરા સમયે ન બોલવું એ નફફટાઈનું લક્ષણ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- મૌન કરતાં વધારે સારું બોલી ન શકો તો જીભ ન હલાવવામાં જ ડહાપણ છે - **રજનીશ**
- અનુભવ એવો કાંસકો છે કે કુદરત આપણને આપે છે
  ત્યાં સુધીમાં આપણા વાળ ખરી ગયા હોય છે - **તમિલ કહેવત**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

ઈશ્વર, આપણું સતત ધ્યાન રાખે જ છે એ રૂબરૂ કોઈ પણ સ્વરુપે આવીને સલાહ-સૂચન આપી દે છે કે સ્વપ્નમાં આવીને પણ કોઈ સાંકેતિક સ્વપ્ન દ્વારા ચેતવણી પણ આપી દે છે પણ આપણે આપણી મૂર્ખાઈ-અનુકૂળતા-મરજી પ્રમાણે એ સંકેતનો મનફાવે એવું અર્થઘટન કરીએ છીએ.

દેવો-દાનવો-દક્ષમાનવી 'ટેન્શન'માં હતા. ત્રણે સાથે મળી- ઈશ્વરને પ્રાર્થના કરી - માર્ગદર્શન માગ્યું. આકાશવાણી થઈ 'દ..દ...દ'...

દેવો ભોગ-વિલાસમાં ડૂબેલા હતા. તેમનો અંતરાત્મા ડંખતો હતો. એમને 'દ'નો અર્થ 'દમન' કરી - ઈશ્વર સંયમ પાડવાનું કહે છે એમ સમજ્યા...

દૈત્યો ક્રૂર હતા. એમણે દમન કરી હત્યાઓ-આતંક વધારવાની સલાહ મળી છે એવો અર્થ કાઢ્યો. અને સુખી થવા દમન-આતંક વધાર્યું.

માણસે - ધનસંચય કરી લોભ વધાર્યો હતો તેથી એનો અંતરાત્મા ડંખતો હતો એણે 'દ'નો અર્થ 'દાન' કર્યો. અને દાન કરવા લાગ્યો.

## રાહુલ ગાંધીનો 'પુણ્ય'-પ્રકોપ?

## તંત્રીસ્થાનેથી....

સુબ્રમણ્યમ સ્વામીએ બ્રિટનની 'બેકપ્સ' કંપનીના ડિરેક્ટર તરીકે રાહુલ ગાંધીનું નામ શોધી કાઢીને એમના રિટર્નમાં બ્રિટિશ નાગરિક તરીકેની એન્ટ્રી વિશે જે 'ઈન્વેસ્ટિગેટિવ' જર્નાલિઝમ કર્યું તે મુદ્દો વર્તમાન રાજકીય પરિપેક્ષ્યમાં ભૂકંપ સર્જે એ બરનો છે. જો કે રાહુલ ગાંધીએ અને કોંગ્રેસના અધિકૃત પ્રવક્તાએ એ સંદર્ભે સ્પષ્ટતા કરવામાં જરા પણ વિલંબ નથી કર્યો અને ખુદ બ્રિટિશ કંપની દ્વારા પણ આ ટાઈપ ભૂલ હોવાનું સ્વીકારાયું છે ત્યારે સ્વાભાવિક રીતે જ રાહુલ ગાંધીને આપોઆપ ક્લીન ચીટ મળી જાય છે. સુબ્રમણ્યમ સ્વામી ઘણા ઉતાવળિયા અને છિદ્રાન્વેષી - ખુદરાં ખોળનારા અંસતોષી જીવ છે. એમણે ઈંદિરા ગાંધી અને પંડિત નહેરુ સામે વર્ષોથી નકારાત્મક ઝુંબેશ ઉપાડેલી છે. કટોકટીકાળથી જ એ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પરિચય ધરાવે છે. વળી પોતે તજજ્ઞ ધારાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી પણ ખરા. એથી તેઓ સતત 'સ્વ નિયુક્ત' સલાહકારની ભૂમિકામાં રહ્યા કરે છે. મોદીને આવા સલાહકારોથી એક સલામત અંદર જાળવવાની આદત છે. એથી સ્વામીએ શરૂથી જ અડવાણી જેવા વરિષ્ઠ નેતાઓની નારાજગી વહોરીને વડાપ્રદાનપદના ચહેરા તરીકે નરેન્દ્ર મોદીના નામની તરફેણ બલતે રીતસર ઝુંબેશ ચલાવી હતી, તેમ છતાં મોદીએ એમને મંત્રીમંડળમાં સમાવવા જેટલું પણ 'સૌજન્ય' દાખવ્યું નથી. જેટલીને નાણાં મંત્રાલય મળ્યું છે તે સ્વામીને ગમ્યું નથી. સ્વામી નરેન્દ્ર મોદી સિવાયના તમામ નેતાઓ વિશે મન ફાવે તેમ બોલતા રહ્યા છે, એમાં છેલ્લે રાહુલ ગાંધી અને જેટલીને લબડધક્કે લીધા છે. અગાઉ તામિલનાડુનાં લોકપ્રિય મુખ્યમંત્રી જયલલિતા જયરામ સામે મેદાને પડ્યા હતા અને એમને પદ પરથી હટાવીને, જેલભેગાં કરીને જંપ્યા હતા. સ્વામીએ સોનિયા-રાહુલ સામે છેડેલા જંગ પાછળ મોદીનો જ દોરીસંચાર હોવાનું માની લેવું વધારે પડતું ગણાશે, પરંતુ એક મુદ્દે રાહુલ ગાંધીનો ઇંદિરા ગાંધીની જન્મતિથિ પ્રસંગે પ્રગટેલો આક્રોશ સકારણ લાગે છે - એમાં ઔચિત્ય વરતાય છે. મોદીશાસન આવ્યું તે પહેલાંથી, લોકસભાની ચૂંટણી પ્રસંગે મા-દીકરો જ એમના નિશાન પર હતા. વળી પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડરા સામે હરિયાણા અને રાજસ્થાનમાં ગેરકાયદેસર રીતે જમીન હડપવાના આક્ષેપો પણ ખૂબ જોરશોરથી થયા હતા. એ પછી સ્વામીએ જ 'નેશનલ હેરાલ્ડ' નું કહેવાતું કૌભાંડ શોધીને બેઉ મા-દીકરાને કોર્ટનાં પગથિયાં ગણાવ્યાં, તે પણ સૌ જાણે છે. રાહુલ ગાંધી સામે બેવડી નાગરિકતા ધરાવતા હોવાનો આરોપ તે સ્વામીની 'લેટેસ્ટ' શોધ છે. દેખીતું છે કે આમ સતત પોતાને અને પરિવારજનોને બદનામ કરી રહેલ ભાજપ-શાસનસૂત્રો પ્રત્યે રાહુલ ગાંધી જેવા યુવાન નેતાને ગુસ્સો આવે. એમણે એથીસ્તો કોઈ પણ જાતની સલૂકાઈ રાખ્યા વગર સીધો જ વડાપ્રધાનને પડકાર ફેંક્યો છે અને પોતાની સામેના આરોપો પુરવાર કરી પોતાને જેલમાં પૂરી દેવા જણાવ્યું છે. મોદી આ મુદ્દે મૌન જ રહેવાના છે, તે આપણે સૌ જાણીએ છીએ. શું વિરોધી નેતા કે રાષ્ટ્રનાં સર્વોચ્ચ પદો પર બિરાજમાન થઈ ચૂકેલા પરિવારને આ રીતે સતત ટેન્શનમાં રાખવો તે નીતિસંગત છે? જો ખરેખર ખોટું જ કર્યું હોય - સ્વામી કહે છે તેમ રાહુલ-ગાંધી 'કમિશન એજન્ટ' જ હોયતો મોદી સરકારે એની સામે તપાસ નીમી વહેલી તકે સત્ય જાહેર કરવું જોઈએ. ખાલી રાજકીય વ્યૂહ લેખે એમની બદનામી કરવી એ તો લાંબે ગાળે મોદી સામે જ બૂમરેંગ થશે.

## ... તો ચલો યું કિયા જાય, કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાય

**જીવનનું સરવૈયું જોયું...**
**પ્રેમ, ઉષ્મા, લાગણી, કર્તવ્યનિષ્ઠાના**
**ખાતા જ ગાયબ....!**
**મનના મુનીમને પૂછ્યુ,**
**તો કહે - "સાહેબ,**
**વર્ષોથી એમની સાથે**
**કોઈ લેવડ-દેવડ થઈ જ નથી."** (વોટ્સ એપ)

નવા વર્ષે બધાને હળવાનું મળવાનું ને ભેટ સોગાદો આપવાનું સામાન્ય થઈ પડયું છે. શરૂઆતમાં માત્ર ટોટા આવતાં તે હવે કલ્પના બહારની વિવિધતા દારૂખાનામાં આવી છે. હીરો-હીરોઈનના નામ પરથી ફટાકડા અને ચકરડી, તારામંડળ વગેરે.

હવામાં- આકાશમાં ફુટવાવાળું અને જમીન પર ફોડવાનું દારૂખાનું એમ બે પ્રકાર જોવા મળે છે. કોઈની દુકાન કે ઘરમાં જઈને ફુટે તેવું દારૂખાનું હોતું નથી પણ એ હવે ફોડનારાનું અને સામેવાળાનું નસીબ !




નવાં નાસ્તા અને વાનગીઓ આ તહેવારની તાસીર રહી છે. નવાં કપડાં નવું ઘર (ચોખ્ખું થયેલું-રંગાયેલું) વગેરે ટૂંકમાં બધું જ નવું નવા વર્ષે.

એક માત્ર વિચારો જ જૂના પુરાણા ? વર્ષોથી પકડી રાખેલી હઠ જૂની, વર્ષોથી નિભાવાતી દુશ્મની, ચોપડા નવાં, લખાણ નવું પરંતુ દેવું અને વ્યાજ ?

નવા વર્ષે પ્રસન્ન રહેવાના, ખર્ચ વગરના કેટલાક મૌલિક ઉપાયો આ રહયા.

રસ્તે રખડતાં ને ભીખ માંગતાં કોઈ બાળકની આંખમાં ચમક લાવી શકાય, થોડાક ફટાકડાને થોડીક મીઠાઈ જો તેને આપી શકાય.કોઈ શહેરની એકાદ સોસાયટીના રહીશો નવા વર્ષે સંકલ્પ કરે કે અમારી સોસાયટીમાં એકબીજા પ્રત્યે કોઈ વૈમનસ્ય નહી હોય. હશે તો અમારી સમજદારી અને સહીયારા પ્રયત્નોથી પ્રશ્નનો નિકાલ કરીશું. ગામ આખું ગોકુળિયું બનાવીશું.

વિદ્યાર્થી નવા વર્ષે નકકી કરે કે આજ થી પરિશ્રમ અને પ્રામણિકતાના રાજપથ પર હું ચાલીશ. આ રાજપથ કાંટાળો છે તેની મને ખબર છે. પણ હું પડકારોને ઝીલીશ તેનો સામનો કરીશ પછી મંઝિલ કયાં દૂર છે? નવા વર્ષે અજાણ્યા લોકો કે જેમની સાથે મારે કોઈ નિસ્બત નથી તેવા પાંચ માણસોને "કેમ છો ?" કહીશ અને સ્મિત આપીશ.

નવા વર્ષે એક વૃધ્ધાશ્રમની મુલાકાતે જઈશ. ત્યાં રહેતાં વડીલોને મળીશ. "કેમ છો ?" કહીશ અને જોકસ કહીને તેમને હસાવીશ. તેમના બોખા મુખનું હાસ્ય મારા મનને ટાઢક પહોંચાડશે એ નિઃશંક છે.નવા વર્ષે એકવાર સીવીલ હોસ્પીટલની મુલાકાત લઈશ. દર્દીઓ અને તેમનાં સગાને મળીશ. કેમ છો ? કહીને "તમે જલ્દીથી સારા થઈ જશો." એકાદ ગુલાબનું ફૂલ આપી ને શુભેચ્છા પાઠવીશ.

આ બધુજ પૈસા વગર, અન્યના મુખ પર હાસ્ય લાવવાનો અન્યને આનંદિત કરવાનો અને પોતે પ્રસન્ન રહેવાનો રામબાણ ઈલાજ છે.

એકવાર એક ધનપતિ જીવનથી કંટાળી ગયેલા. હતાશ થઈ ગયેલા. અઢળક ધન હોવા છતાં તે પ્રસન્ન રહી શકતાં નહોતા. કે હસી શકતા નહોતા.એક દિવસ એમણે નકકી કર્યુ કે કાલે સવારે હું ચાલતો બજારમાં નિકળીશ. જો કોઈ મને 'સ્મિત' આપશે તો હું એના એકાઉન્ટમાં પાંચ લાખ રૂપિયા જમા કરાવી દઈશ.

અને એક સવારે એ ધનપતિ ચાલતાં ચાલતાં નિકળ્યાં. સંજોવશાત એ ધનપતિને સામા તમે જ મળ્યાં તો તમે શું કરશો ?

ઘરેથી નિકળતી વખતે સામે મળતી પ્રત્યેક અજાણી વ્યકિતને 'ધનપતિ' સમજવાનો સંકલ્પ નવા વર્ષે કરવા જેવો ખરો કે ? (શીર્ષક પંકિત : અજ્ઞાત)

**મિસરી**
**ધડકનો કી યહીં તો ખાસ બાત હૈ**
**ભરે બાજારમેં ભી કિસી એક કો હી**
**સુનાઈ દેતી હૈ.**
**જય અમીન**

(sms -જય અમીન)


- santoshdevkar03@gmail.com

# ગાંધીની ગેરહાજરીમાં ઘડાયેલા બંધારણમાં ગાંધી વિચાર વાયા 'ઠક્કરબાપા'

## બાપુ, બાબાસાહેબ અને બંધારણ

ગોડસેની ગોળીએ ગાંધીનો ભોગ લીધો, એથી આઝાદ ભારતનું બંધારણ બન્યું ત્યારે મહાત્મા ગાંધી સદેહે આપણી સાથે ન હતા. ૧૫મી ઓગસ્ટે દેશ આઝાદ થયો પછી બહુ તરતના સમયમાં ગાંધીજી આપણી વચ્ચે જ રહ્યા. જયારે ડૉ. બાબાસાહેબ આંબેડકર સહિતના વિદ્વતજનો બંધારણ સભા હેઠળ વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશનું બંધારણ ઘડવાનું કાર્ય કરી રહ્યા હોય ત્યારે મહાત્મા ગાંધી જેવું વ્યક્તિત્વ ઉપસ્થિત ના હોય કેવી પરિસ્થિતિ ઊભી થાય?

સત્ય અહિંસાના આધારે સમગ્ર ભારતીય સમાજને અંગ્રેજોની ગુલામી જ નહીં પરંતુ સમગ્રને સમાનતા, શિક્ષણ, ઉત્થાન અને અસ્પૃશ્યતા નિવારણ જેવી કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મહાત્મા ગાંધી બંધારણ ઘડતર સમયે સહેદે હાજર ન હોય તે વિપરિત - દુઃખદ પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિમાં શું કરવું? ગાંધીની ગેરહાજરીમાં બંધારણમાં કંઈ બાબતોને સાંકળવી આની ચર્ચા જવાહરલાલ નહેરુએ સભામાં કરી. સાથી મિત્રોને આ અંગે સૂચનો કરવા પણ તેમણે જણાવ્યું આ સમયે સરદાર વલ્લભભાઈ પટેલે ગાંધીની ગેરહાજરીમાં ગાંધી વિચાર બંધારણમાં સમાવિષ્ટ થાય તે માટે ગાંધીના વિચારને ઝીલનાર એવા અમૃતલાલ ઠક્કરને યાદ કર્યા. સરદાર પટેલે બંધારણ સભામાં સમજાવ્યું કે 'ઠક્કરબાપાએ આજીવન ગાંધીના વિચાર ઉપર સમાજ નિર્માણ અને સમાજ વિકાસનો પ્રયાસ સર્વે જ્ઞાતિજનો/ભારતીયો એક સમાનના મુખ્ય હાર્દ સાથે કર્યો છે.'




સરદાર સાહેબના સૂચનને વધાવીને એ પછી બંધારણ સભાએ 'ઠક્કરબાપા'ની પાસેથી માર્ગદર્શન મેળવીને બંધારણમાં ઘણા બધા મુદ્દાઓની સમજ કેળવીને તે બંધારણમાં આમે જ કર્યા.. આમ, બંધારણ રચના સમયે ગાંધીની ગેરહાજરીમાં ગાંધીનો વિચાર વાયા અમૃતલાલ ઠક્કર બંધારણમાં ઉતરી આવ્યો. ઠક્કરબાપા એ તો ગાંધીના વિચારને સાચા અર્થમાં પાળી બતાવનાર વ્યક્તિત્વ હતું. અને તેમના થકી ગાંધીજીએ આજીવન અસ્પૃશ્યતા નિવારણ અર્થે દેશભરમાં જે પ્રયાસો કર્યા હતા તે બાબત બંધારણમાં સમાવી શકવામાં સરળતા સાંપડી.

૨૦૧૫નું વર્ષ આપણે ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જયંતી અને મહાત્મા ગાંધીના સ્વદેશાગમનની સદી તરીકે ઊજવી રહ્યા છીએ ત્યારે બાબાસાહેબ, બંધારણ અને બાપુ ત્રણેયને અવશ્ય યાદ કરવા પડે.

ગાંધીએ આઝાદ ભારતના આંદોલન સાથે આઝાદ ભારતમાં આઝાદી કેવી હોવી જોઈએ? એના વિચારો સતત પોતાના જાહેર વ્યાખ્યાનો, લેખો-પત્રોમાં રજૂ કરતા રહ્યા હતા. આ વિચારો પૈકી સૌથી અગત્યની બાબત હતી અસ્પૃશ્યતા નિવારણની બાપુએ જીવનપર્યંત અસ્પૃશ્યતા નિવારણ અર્થે પ્રજાને ટકોરવા અને ટપારવાનું કામ કર્યું હતું. અસ્પૃશ્યતાના કલંકને મિટાવવા માટે તેમણે પોતાની વાણીને કયારેક વિરામ આપ્યો નહોતો.

ઈતિહાસકાર ડૉ. મકરંદ મહેતાના ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ સંબંધેના કાર્ય વિશે એવું નોંધે છે કે 'હરિજનો હડે હડેની સ્થિતિમાં હતા એની જાણ જ ગાંધીએ કરેલી.'

મહાત્મા ગાંધીના અસ્પૃશ્યતાના વિરોધથી કોઈ અજાણ નથી. ગાંધીએ કહ્યું હતું "મારે પુર્નજન્મ નથી લેવો. મેં પ્રભુને પ્રાર્થના કરેલી કે હું આવતે જન્મે જન્મુ તો અંત્યજ જન્મુ અને તેમને પડતા દુઃખો અનુભવું અને તે દૂર કરવાં તપશ્ચર્યા કરું. હું બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર પણ નહીં પણ અતિશુદ્ર જ જન્મવા ઈચ્છું છું. હું મારી પત્નીને પરણ્યો તે પહેલાં ઘણા વખત પર અસ્પૃશ્યતા નિવારણને વર્યો હતો."

મહાત્મા ગાંધીને સદાય એ વાતનો વિષાદ રહેતો કે જો હિંદુસ્તાનની વસતીમાં પાંચમા ભાગને આપણે કાયમને માટે દબાયેલો રાખવા માગતા હોઈશું અને રાષ્ટ્રીય સંસ્કૃતિના અમૃતફળથી એને ઈરાદાપૂર્વક વંચિત રાખવા માગતા હોઈશું તો સ્વરાજય એક અર્થહીન શબ્દ બની રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ શહેરની નદી ભોગાવોના કાંઠે કાઠિયાવાડ સત્યાગ્રહદળના ફૂલચંદભાઈ શાહે શરૂ કરેલી રાષ્ટ્રીય શાળાના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેલા મહાત્મા ગાંધીએ સાંજની જાહેરસભામાં હૃદયદ્રાવક ઉદ્‌ગાર કાઢ્યા હતા 'તમે આ કેળવણી મંડળને (રાષ્ટ્રીય શાળાને) જેવી-તેવી ન સમજો. નવા અખતરાથી અને નવા પ્રયોગોથી ન ભડકો. એ પ્રયોગ તે અંત્યજોને શાળામાં દાખલ કરવાનો. સરકારી શાળામાં તો એમને દાખલ થવાનો અધિકાર છે. તેથી જ કવિ (પ્રજ્ઞાચક્ષુ હંજરાજભાઈ) એ સંભળાવ્યું છે કે ભારત વર્ષ જયાં ભગવાન રમે, તે કેમ પરતંત્ર છે?' છતાં આજે વસ્તુસ્થિતિ એવી છે કે આ મુલકની દયામણી સ્થિતિ થઈ પડી છે. જે વસ્તુને આદર્શ માનતા હોઈએ તેનો અમલ કરવાને ઈચ્છીએ. આપણે સ્વતંત્ર નિર્ણય કરવાનો છે કે હિન્દુ ધર્મમાં અસ્પૃશ્યતા રહી શકે કે નહીં? હિન્દુ ધર્મનું એ અંગ છે કે નહીં? જયાં સુધી અસ્પૃશ્યતાનો મેલ હિન્દુ ધર્મમાં હશે ત્યાં સુધી નથી હિન્દુસ્તાનને સ્વરાજય, સુખ કે શાંતિ.'

**(સંદર્ભ : મોહનમાંથી મહાત્મા (પુસ્તક) લેખક : રામનારાયણ ના. પાઠક, નવજીવન પ્રકાશન મંદિર, ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, રાજકોટ, પૃષ્ઠ : ૨૮૧)**

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# કીડીના નાના કદને અને મધમાખીના ડંખને ભૂલી, તેની સંઘબળની મહાન ભાવના અને ઉપરીને અનુસરવાની શિસ્તને જીનનમાં અપનાવીએ અનુસરીએ

**સાલ મુબારક અને નવલા વર્ષની શુભેચ્છાઓ**

નવલાં વર્ષમાં આપના સુખનું તોરણ ઝૂલતું રહે, ભાગ્યનું પાન ખૂલતું રહે, ધનનો ભંડાર ભરેલો રહે, દુઃખ તમારા દ્વારને ભૂલતું રહે, સ્વાસ્થ્ય તમારું ખૂબ જ સારું રહે... જગતનિયંતા આપને તથા આપના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી અર્પે એવી ખૂબ ખૂબ શુભકામનાઓનો દધિ છલકતો રસથાળ સાદર.

**સાહિત્ય અવસરવૃત્ત**

મા ગુર્જરીના પનોતા-ગરવા ગુજરાતી સાહિત્યને હરપળ-હરઘડી ધડકતું અને ધબકતું રાખી તેને જીવંત અને મધમધતું - મહેંકતું રાખવા, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા તેના સાહિત્યિક કાર્યક્રમની 'સર્જકની કેફિયત' અંતર્ગત સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે.

સાહિત્ય સભાનાં સભ્ય સુ. શ્રી પ્રજ્ઞાબેન પટેલ દ્વારા તેમના સદ્‌ગત વાત્સલ્યમૂર્તિ માતા-પિતા સ્વ. શ્રીમતી રેવાબહેન પટેલ અને સ્વ. શ્રી આત્મારામભાઈ કા. પટેલ (જાણીતા સાહિત્યકાર અને સમાજસેવી લાડોલ, જિ. મહેસાણા)ની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા યોજવા માટે સહયોગ સાંપડયો છે તે અંતર્ગત, ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર અને જેમનું નામ ગુજરાતી સાહિત્યમાં એક અદના નવલકથાકાર અને વાર્તાકાર તરીકે મોખરે છે. તેવા ડૉ. કેશુભાઈ દેસાઈનું 'સમાજના પરિપેક્ષ્યમાં સેવા અને સાહિત્યની ભૂમિકા' વિષેનું વકતવ્ય તા. ૭.૧૧.૧૫ના રોજ કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, સે. ૨૩ ખાતે યોજાઈ ગયું. કાર્યક્રમની શરૂઆતમાં સુ. શ્રી જયશ્રી ખેતિયા દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી અને પ્રમુખ ભરત કવિ દ્વારા મહેમાન વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈ અને ઉપસ્થિત મહાનુભાવો અને સર્વે શ્રોતાગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. અને ડૉ. કેશુભાઈ દેસાઈનો પરિચય ઉપપ્રમુખ નટવર હેડાઉ દ્વારા આપવામાં આવ્યો. વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈ અને મંચ પર ખાસ ઉપસ્થિત નિવૃત્ત આઈ.એ.એસ. મહેમાનોમાં એચ.બી. વરીયા અને માન. પ્રવીણ ગઢવીનું પુષ્પગુચ્છથી ઉપપ્રમુખ સુરેશ પ્રા. ભટ્ટ, સોમાભાઈ ડી. પરમાર અને રમણલાલ શ્રીમાળી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સ્વ. આત્મારામભાી કા. પટેલના સુપુત્રી ચારુબેન અમૃતલાલ પટેલ દ્વારા શાલ ઓઢાણીને અને વસંતભાઈ પટેલ (જય માતાજી) અમદાવાદ દ્વારા પુસ્તકપુષ્પથી વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈનું અભિવાદન કરવામાં આવ્યું.




વરિષ્ઠ ગુજ. સાહિત્યકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ, સાહિત્યકાર સ્વ. આત્મારામભાઈ કા. પટેલના સાહિત્ય અંગે તથા તેઓએ કરેલ સમાજની ઉમદા સેવા અંગે સ્વાનુભવનો ચિતાર આપી, સર્વેને અભિપ્રેત કર્યા. જીવસૃષ્ટિમાં જીવમાત્રને જીવવાનો અધિકાર મળે અને સમાજમાં અરસપરસની સેવાનાં મીઠાં બી રોપાય અને માનવ સેવાભાવી બને તેવી વૃત્તિ વિકસાવીને અને જીવસૃષ્ટિના સર્વનાશની હિંસક વૃત્તિમાંથી બહાર કાઢવાની નૈતિક જવાબદારી સાહિત્યની છે અને તે સાહિત્યની કરી શકે. આમ સમાજના પરિપેક્ષ્યમાં સેવા અને સાહિત્યની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. તે વિશે તેઓએ ઊંડાણપૂર્વકનું મનનીય પ્રવચન આપ્યું. ઉપસ્થિત મહેમાનો એચ.બી. વરીયા અને પ્રવીણ ગઢવીએ પણ સ્વ. આત્મારામના સાહિત્ય અને સમાજસેવા વિશે વકતવ્ય આપ્યું. સ્વ. આત્મારામનાં સુપુત્રી પ્રજ્ઞાબેન પટેલે પણ વકતવ્ય સાથે આભાર માન્યો. આ કાર્યક્રમનું સુપરે સંચાલન મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા કરીને આભારવિધિ કરવામાં આવી.

ગાંધીનગર સાહિત્ય સભા અને ગાંધીનગર શહેબ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૮.૧૧.૧૫ના રોજ ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ ખાતે તેઓના સદ્‌ભાવથી રજૂ થયો. પાટનગર ગાંધીનગરને કલ્પનાના સુરમ્ય રંગોથી રંગીને અને વાસ્તવિકતાની અનોખી રંગપૂરણી કરીને રચેલ કાવ્યોનું, ૪૩ કવિઓ, રચનાકારો પૈકી ૩૨ કવિ-રચનાકારોએ પોતાના કાવ્યોનું સ્વમુખે પઠન કરી, પાટનગર ગાંધીનગરની યથાર્થતા - ઊણપો તે અંગેની વેદના, વલોપાત, વિશેષતાઓ અને વિવિધ રુપોનો ચિતાર અતિઉત્સાહથી રજૂ કરી સર્વેને રોમાંચિત કર્યા. આ સભાનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલે કર્યું. વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા સાહિત્યકારોને આવકારવામાં આવ્યા. સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિની સાથે મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાત કાવ્યપઠન સાથે સંચાલનમાં સહભાગી થયા. આ પ્રસંગે તમામ કવિઓને પુરસ્કારથી નવાજવામાં આવ્યા.

**સાહિત્ય વૃત્ત સંચય**

- સાહિત્ય સભાનું ગૌરવ : અખિલ ભારતીય હિન્દી સેવા સંસ્થાન અલ્હાબાદ તા. ૧૧.૧૦.૨૦૧૫ના રોજ નિરાલા સભાગૃહમાં યોજાયેલ કાર્યક્રમમાં અધ્યક્ષ રાજકુમાર શર્મા દ્વારા, ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય અને હિંદી-ગુજરાતી કવિ/લેખક અને વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલને 'હિન્દી સાહિત્ય શિરોમણી'ના માનદ્ પદ્‌વીથી નવાજવામાં આવ્યા. આ બહુમાન ગાંધીનગર સાહિત્ય સભા અને નગર માટે ગર્વની બાબત છે. તેઓને સાહિત્યસભા પરિષદ તરફથી અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.
- બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી પ્રસંગે, ગુજરાતી ભાષાનાં જાણીતા લેખિકા ધીરુબેન પટેલને 'વીર નર્મદ પુરસ્કાર' મુંબઈ ખાતે એનાયત કરવામાં આવ્યો. જેમાં રૂા. ૫૧ હજારનો ચેક, શાલ અને શ્રીફળથી સન્માનિત કરાયા.
- તાજેતરમાં રાજસ્થાનના સલુમ્બર ખાતે 'રા. બાળ સાહિત્યકાર સંમેલન-૨૦૧૫' ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ અને સાહિત્યકાર નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયું. યુગધારા ઉદયપુરના સંસ્થાપક ડૉ. જયપ્રકાશ પંડ્યાની ઉપસ્થિતિમાં ઉદયપુરના સાંસદ અર્જુનલાલ મીણાના અતિથિપદે, ઉડીસાના સાહિત્યકાર દિનેશ માલીએ બીજરુપ વકતવ્ય આપ્યું. નટવર હેડાઉને મળેલ બહુમાન સાહત્ય સભા અને નગર માટે ગૌરવની બાબત છે. તેઓશ્રીને સાહિત્ય સભા તરફથી અંતરના ઉમળકાભર્યા ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

**દધિબિન્દુ**

- હાથની રેખાઓનો વિશ્વાસ ન કરો, કારણ કે જેને હાથ નથી હોતા તેનું પણ નસીબ હોય છે.
- કીડીના નાના કદને અને મધમાખીના ડંખને ભૂલી, તેની સંઘબળની મહાન ભાવના અને ઉપરીને અનુસરવાની શિસ્તને જીનનમાં અપનાવીએ અનુસરીએ.

- muljibhaidadhi@gmail.com